પ્રવેશપ્રક્રિયા ફી – રૂ. ૫૦૦-૦૦

# Children's University

(Established by the Government of Gujarat)
Shubhashchandra Bose Sixan Sankul, Sector: 20, Gandhinagar. Phone: 079-23244576, 23244569.
Email Id: vccu.gujarat@gmail.com. Official Website Address: www.cugujarat.ac.in

## એમ.ફિલ. (શિક્ષણશાસ્ત્ર / મનોવિજ્ઞાન) પ્રવેશ – ૨૦૧૭-૧૮ માહિતી અને સૂચનાઓ

| M.Phil. (Education / Psychology) | | |
|---|---|---|
| Online ફોર્મ ભરવાની છેલ્લી તારીખ | ૨૦/૦૬/૨૦૧૭ | રાત્રે ૧૧.૪૫ સુધી |
| અરજી પત્રક (પ્રિન્ટ) મોકલવાની છેલ્લી તારીખ | ૨૩/૦૬/૨૦૧૭ | સાંજે ૫.૩૦ ક્લાક સુધી |
| પ્રવેશ પરીક્ષાની તારીખ | ૨૫ /૦૬/૨૦૧૭ | બપોરે ૧૨.૩૦ |

**સૂચનાઓ –**

1. યુનિવર્સિટી પ્રવેશ જાહેરાત ક્રમાંક ૩ અને ૪ (એમ.ફિલ.) માં દર્શાવ્યા પ્રમાણેના વિષયમાં અનુસ્નાતક કક્ષાએ ઓછામાં ઓછા ૫૫ ટકા ગુણ અને અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના અને ઓબીસી ઉમેદવારો માટે ૫૦ ટકા ગુણ હોવા જરૂરી છે.
2. અનુસ્નાતકના અંતિમ સત્ર/વર્ષનું પરિણામ બાકી હશે તે ઉમેદવારો પણ અરજી કરવા માટે પાત્ર બનશે પરંતુ અંતિમ સત્ર/ વર્ષનું પરિણામપત્ર પ્રવેશની અંતિમ તારીખ પહેલા જમા કરાવવાનું રહેશે. જેમાં ક્રમાંક ૧ મુજબની પાત્રતા પૂર્ણ કરવાની રહેશે.
3. પ્રવેશ મેળવ્યા પછી કોઈપણ તબક્કે શૈક્ષણિક લાયકાત કે અન્ય માહિતી અધૂરી કે ખોટી રજૂ કરેલી જણાશે તો પ્રવેશ રદ કરવામાં આવશે.
4. ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારના પ્રવર્તમાન અનામતના ધોરણો અનુસાર પ્રવેશ આપવામાં આવશે.
5. પ્રવેશ પરીક્ષામાં અંધ ઉમેદવાર સિવાય કોઈપણ ઉમેદવારને નિયત સમય કરતા વધારાનો સમય મળશે નહિ.
6. પ્રવેશ પરીક્ષામાં અંધ ઉમેદવારે રાઈટરની ઉપલબ્ધતા માટે યુનિવર્સિટીને પ્રવેશ અરજીપત્રક સાથે જ એક અલગથી અરજી કરવાની રહેશે.
7. દરેક ઉમેદવારે પરીક્ષાખંડ છોડ્યા પહેલા તેમનું પ્રશ્નપત્ર ફરજિયાતપણે સુપરવાઈઝરને જમા કરાવવાનું રહેશે.
8. પરિણામનું અલગથી ગુણપત્રક કે પ્રમાણપત્ર આપવામાં આવશે નહિ. જવાબપત્રકની પુન: ચકાસણી થઇ શકશે નહિ.
9. ઉમેદવારે પ્રવેશપ્રક્રિયા દરમ્યાન સ્વખર્ચે આવવાનું રહેશે.
10. પરીક્ષા માટેનું સ્થળ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, સેકટર–20, ગાંધીનગર રહેશે.
11. ઉમેદવારે અરજી online કરવાની રહેશે. અરજી કર્યા બાદ અરજીની પ્રિન્ટ આઉટની કોપી, પ્રમાણિત નકલો સાથે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગર ખાતે રૂબરૂ/પોસ્ટ/ કુરિયર દ્વારા તારીખ ૯/૦૬/૨૦૧૭ સાંજે ૫.૩૦ ક્લાક સુધીમાં પહોચાડવાનું રહેશે(બીજો અને ચોથો શનિવાર, રવિવાર તેમજ જાહેર રજાના દિવસો સિવાય). ત્યારબાદ મળેલ અરજી કોઈપણ સંજોગોમાં ધ્યાનમાં લેવામાં આવશે નહીં.
12. જે ઉમેદવારે JRF/NET/SET પરીક્ષા પાસ કરેલી છે તેઓને પ્રવેશ પરીક્ષા આપવાની રહેતી નથી. તેઓએ JRF/NET/SET પરીક્ષા પાસ કર્યાનું પ્રમાણપત્ર અરજીપત્રક સાથે મોકલવાનું રહેશે. તેઓએ Admit card મોકલવાનું રહેશે નહિ.
13. જે ઉમેદવારે પ્રવેશપરીક્ષા આપવાની છે તેઓએ Office Copy વાળું Admit card ફોટો લગાવીને અરજીપત્રક સાથે મોકલવાનું રહેશે. જયારે Student Copy વાળું Admit card સંપૂર્ણ ભરીને તેઓએ પ્રવેશ પરીક્ષા સમયે સાથે લાવવાનું રહેશે.

14. ફી અને ફોર્મ ભરવાની વિગત માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની વેબસાઈટ www.cugujarat.ac.in પરની સુચનાઓનું પાલન કરવું.
15. શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૨૦૧૮ માટેની પ્રવેશ પ્રક્રિયા ફી ૫૦૦/- છે. જે કોઈપણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી.
16. ઉમેદવારે પ્રવેશ પરીક્ષાના સમય કરતાં એક કલાક (૧૧.૩૦) પહેલા પરીક્ષા સ્થળે હાજર રહેવું . પરીક્ષાના સમયથી ૩૦ મિનિટ પહેલા (૧૨.૦૦) પરીક્ષાખંડમાં પ્રવેશ આપવામાં આવશે. ૧૨-૪૫ પછી આવનાર ઉમેદવારને પરીક્ષામાં પ્રવેશ મળશે નહીં.
17. પ્રવેશ પરીક્ષા વખતે સરકાર માન્ય કોઈ એક ઓળખપત્ર અવશ્ય લઈને આવવું.
18. પ્રવેશ પરીક્ષાના કુલ ગુણ ૧૦૦ રહેશે, જેમાં ઉત્તીર્ણ થવાનું ધોરણ ૫૦ ટકાનું રહેશે.
19. પ્રશ્નપત્રનું સ્વરૂપ નીચે પ્રમાણે રહેશે ( શિક્ષણ અને મનોવિજ્ઞાન બંને વિદ્યાશાખાઓ માટે).
    - હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો (૫૦ પ્રશ્નો) ૫૦ ગુણ
    - ટૂંક જવાબી પ્રકારના પ્રશ્નો (૬ પ્રશ્નો) ૩૦ ગુણ
    - નિબંધ સ્વરૂપના પ્રશ્નો (૨ પ્રશ્નો) ૨૦ ગુણ
20. M.Phil. (શિક્ષણ) પરીક્ષાનો અભ્યાસક્રમ NET/SET મુજબ રહેશે. જ્યારે ગુણ ફાળવણી નીચે પ્રમાણે રહેશે.
    - સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રનું સંબંધિત જ્ઞાન ૫૦ ગુણ
    - શિક્ષણની તાત્વિક અને સમાજશાસ્ત્રીય આધારશિલાઓ ૨૫ ગુણ
    - શૈક્ષણિક મનોવિજ્ઞાન ૨૫ ગુણ
21. M.Phil. (મનોવિજ્ઞાન) પરીક્ષાનો અભ્યાસક્રમ NET/SET મુજબ રહેશે. જ્યારે ગુણ ફાળવણી નીચે પ્રમાણે રહેશે.
    - સંશોધનનું પધ્ધતિ શાસ્ત્ર અને આંકડાશાસ્ત્રનું સંબંધિત જ્ઞાન ૫૦ ગુણ
    - મનોવિજ્ઞાન ૫૦ ગુણ
22. કુલ બેઠકો પૈકી ૨૦ ટકા જગ્યાઓ યુ.જી.સી. JRF/NET/SET ઉતીર્ણ ઉમેદવારો માટે અને તે સિવાયના ઉમેદવારો માટે ૮૦ ટકા જગ્યાઓ ફાળવવામાં આવશે. જગ્યાઓની આ ફાળવણી પ્રવેશ સમિતિ દ્વારા કરવામાં આવશે. કોઇ એક ભાગમાં જગ્યાઓ ખાલી રહેશે તો માનનીય વાઈસ ચાન્સેલરશ્રીના આદેશ અનુસાર જગ્યાઓ ભરાશે.
23. પસંદગી પામેલ ઉમેદવાર જો અંતિમ તારીખ સુધીમાં ફી જમા નહીં કરાવે તો પ્રતિક્ષા યાદીમાં રહેલા ઉમેદવારને અગ્રતાક્રમ અનુસાર પ્રવેશ આપવામાં આવશે. ફી ભરવાની તારીખ પ્રવેશયાદી વેબસાઈટ પર પ્રસિદ્ધ થાય તેની સાથે જણાવવામાં આવશે.
24. અનુસ્નાતક ગુણ અને પ્રવેશ પરીક્ષાના આધારે નીચે દર્શાવેલા ભારાંક મુજબ અગ્રતાક્રમ યાદી બનાવવામાં આવશે.
    - સંબંધિત અનુસ્નાતક પદવી પરીક્ષામાં મેળવેલ ટકાના ૪૦ ટકા ભારાંક
    - પ્રવેશ પરીક્ષા ૬૦ ટકા ભારાંક
25. માત્ર પ્રવેશ મળ્યાની માહિતી જાહેર કરવામાં આવશે. ગુણાંકન જાહેર કરવામાં આવશે નહિ. પરિણામને પડકારી શકાશે નહીં.
26. પ્રવેશ પરીક્ષામાં ૫૦% ગુણ પ્રાપ્ત કરનાર ઉમેદવારને જ અંતિમ પ્રવેશયાદીમાં સ્થાન આપશે.
27. ઉમેદવારે અરજીપત્ર સાથે ફોર્મમાં જણાવેલ બધી જ શૈક્ષણિક લાયકાતોના પ્રમાણપત્રો જોડવાનાં રહેશે. ઉપરાંત નીચેનામાંથી લાગુ પડતા પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત નકલો જોડવાની રહેશે.
    ૧. શાળા છોડયાનું પ્રમાણપત્રની નકલ.
    ૨. એસ.સી./એસ.ટી.ના ઉમેદવારોએ જાતિનું પ્રમાણપત્ર અવશ્ય જોડવું.
    ૩. ઓ.બી.સી.નાં ઉમેદવારોએ તેમનું તાજેતરનું માન્ય નોનક્રિમિલેયર પ્રમાણપત્ર જોડવું.
    ૪. શારીરિક અપંગતા ધરાવતા ઉમેદવારોએ તેમનું વિકલાંગતાનું પ્રમાણપત્ર જોડવું.
    ૫. પોસ્ટ ગ્રેજ્યુએટના ગુણપત્રકની નકલ જોડવી.
    ૬. UGC JRF/NET/SET પ્રમાણપત્રકોની નકલો જોડવી.

■